આજનો સુવિચાર

બીજાનું ભલું કરવામાં જ આપણું ભલું થાય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૬૭ જૂનાગઢ તા.૨૫-૧૦-૨૦૨૧ સોમવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ


## કોરોના હજુ ગયો નથી : WHOની વિશ્વને ચેતવણી

નવી દિલ્હી, તા. ૨૫

સમગ્રવિશ્વમાં કોરોના વાયરસનો કહેર ભલે થોડો ઓછો થયો હોય પરંતુ તે હજુ સમાપ્ત થયો નથી. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન ડબલ્યુએચઓના વડા ટેડ્રોસ એડનોમ ધેબરિયસએ વિશ્વને ફરી એક વખત ચેતવણી આપતા કહ્યુ છે કે કોરોના વાયરસની મહામારી હજુ સમાપ્ત નથી થઈ અને વિશ્વએ તેનાથી નિપટવા માટે સાર્વજનિક સ્વાસ્થ્ય ઉપકરણોનો અસરકારક રીતે ઉપયોગ કરવાની જરૂર છે. ડબલ્યુએચઓના પ્રમુખે જણાવ્યુ છે કે મહામારી ત્યારે જ સમાપ્ત થશે કે જ્યારે વિશ્વ તેને સમાપ્ત કરવા ઈચ્છશે. ડબલ્યુએચઓના પ્રમુખે બર્લિનમાં વર્લ્ડ હેલ્થ સમિટને સંબોધન કરતા કહ્યુ હતુ કે કોરોના મહામારી ત્યાર જ સમાપ્ત થશે કે જ્યારે વિશ્વ તેને સમાપ્ત કરવાની ઈચ્છા રાખશે. હવે બધુ આપણા હાથમાં છે. આપણી પાસે તે બધા ઉપકરણો છે જેની આપણે જરૂર છે. જેમ કે અસરકારક સાર્વજનિક સ્વાસ્થ્ય ઉપકરણ અને અસરકારક ચિકિત્સા ઉપકરણ. પરંતુ વિશ્વએ આ ઉપકરણોનો યોગ્ય રીતે ઉપયોગ નથી કર્યો. એક સપ્તાહમાં લગભગ ૫૦ હજારના મોત થયા છે. આ પ્રકારે મહામારી હજુ સમાપ્ત નથી થઈ. ડબલ્યુએચઓએ વિશ્વભરના દેશોને રસીકરણમાં ઝડપ લાવવા અપીલ કરી હતી.

## છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાનાં ૧૪૩૦૬ કેસ

નવી દિલ્હી તા. ૨૫

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરનાનાં ૧૪૩૦૬ નવા કેસ સામે આવ્યા છે અને એ દરમ્યાન ૪૪૩ લોકોના મોત થયા છે. ૧૮૭૬૨ લોકો સાજા થઈને ઘરે પાછા ફર્યા છે. સમગ્ર દેશમાં અત્યાર સુધીમાં ૪ લાખ ૫૪ હજાર ૭૧૨ લોકોના મોત થયા છે.

## તાઈવાનની રાજધાની તાઈપેઈમાં ૬.૫ની તિવ્રતાનો ભુકંપ

તાઈપેઈ તા. ૨૫

તાઈવાનના ઉત્તર-પૂર્વ ભાગમાં આવેલા પાટનગર શહેર તાઈપેઈમાં સ્થાનિક સમય મુજબ બપોરે ૧.૧૧ વાગ્યે જોરદાર ધરતીકંપ આવ્યો હતો. જેનાં કારણે શહેરમાં તમામ મકાનો હચમચી ગયા હતા. સદ્દભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી. ભૂકંપનું કેન્દ્રબિંદુ તાઈપેઈની પૂર્વ તરફ ૩૫ કિ.મી. દૂર આવેલા યિલાન શહેર નજીક ધરતીથી ૬૬.૮ કિ.મી. ઊંડે હોવાનું માલૂમ પડ્યું હતું. ભૂકંપ આવ્યાની અમુક જ સેકંડ બાદ એક પ્રચંડ આફ્ટરશોક આવ્યો હતો જેની તીવ્રતા ૫.૪ હતી. ભૂકંપનો આંચકો લાગ્યા બાદ તાઈપેઈમાં મેટ્રો રેલવે સેવા તરત જ બંધ કરી દેવામાં આવી હતી.

## પેટ્રોલ-ડીઝલ, ગેસ બાદ હવે સૌર ઉર્જા પણ મોંઘી થશે

નવી દિલ્હી, તા.૨૫: ક્રુડ, ગેસ અને કોલસા જેવા પારંપરિક ઈંધણોની કિંમતોમાં ઉછાળો આવ્યા પછી હવે નવું સંકટ સૌર ઉર્જા બાબતે થયું છે. ચીનમાં વીજ સંકટ વધ્યા પછી ભારતીય સૌર પરિયોજનાઓ માટે સોલર મોડયુલની કિંમતોમાં ભારે વધારો થયો છે. અત્યારે તેના ભાવ ૨૦૧૯ પછી સૌથી વધારે છે એટલે હવે આગામી દિવસોમાં સૌર ઉર્જા પણ મોંઘી થવાની સંપૂર્ણ શકયતા છે. ઉર્જા નિષ્ણાંતોનું કહેવું છે કે આ ઉછાળો ચીનની અત્યાર સુધીની સૌથી ગંભીર ઉર્જા સંકટની પરિસ્થિતિના કારણે આવ્યો છે. ચીનમાં અત્યારે કારખાનાઓ સીમીત દિવસોએ જ ચાલી રહ્યા છે. સૌર ઉર્જા પરિયોજનામાં કુલ ખર્ચમાં લગભગ ૬૦ ટકા હિસ્સો મોડયુલનો હોય છે. એટલે મોડયુલની કિંમતમાં વધારો પરિયોજનાનો ખર્ચ વધારશે. તેનાથી સૌર ઉર્જાની પડતર પણ વધશે જે અંતે ગ્રાહકોની કેડ ઉપર આવશે.

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખપદનું કોકડું ગુંચવાયું : તિવ્ર જૂથબંધી વચ્ચે બળવાનાં સંકેતો

નવી દિલ્હી તા.૨૫

ગુજરાત કોંગ્રેસનાં નવા અધ્યક્ષની જાહેરાત થવાની છે તે પુર્વે જોરદાર ખેંચતાણ થઈ રહી છે અને એક જુથ દ્વારા તો બળવો કરવા સુધીની તૈયારી રાખવામાં આવી છે ત્યારે નેતાગીરી સમયસર નવા નામો જાહેર કરી શકે છે કે કેમ તે વિશે અટકળો થઈ રહી છે.

ગુજરાતમાં પંચાયતોની ચૂંટણીમાં કોંગ્રેસના કારમા પરાજયની નૈતિક જવાબદારી સ્વીકારીને પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા તથા વિપક્ષનાં નેતા પરેશ ધાનાણીએ રાજીનામા આપી દીધા હતા.

મહિનાઓ સુધી તેમની પાસે જ ચાર્જ રખાયા બાદ નવા પદાઅધિકારીઓની પસંદગી માટે ગત સપ્તાહથી ક્વાયત શરુ કરવામાં આવી હતી. હાઈકમાન્ડે તમામ નેતાઓને દિલ્હી તેડાવ્યા હતા. સંયુક્ત અને વન ટુ વન બેઠકો કરીને સર્વસંમત પસંદગીનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બેઠકમાં જ બે જૂથની ખેંચતાણ જાહેર થઈ હતી. હવે તે આગળ વધી હોય તેમ એક જૂથ કોંગ્રેસના જી-૨૩ ગણાતા અસંતુષ્ટ ગ્રુપના સંપર્કમાં પહોંચ્યું છે અને જરૂર પડયે અધ્યક્ષપદ મામલે બળવો કરવાની તૈયારી રાખી છે. એમ કહેવાય છે કે રાહુલ ગાંધી ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ તરીકે યુવા ચહેરાની પસંદગી કરવા ઈચ્છુક છે તેને કારણે સીનીયર અનુભવી નેતાઓ સમસમી ગયા છે એટલું જ નહીં. અમુક નેતાઓ રાષ્ટ્રીય સ્તરે અસંતુષ્ટ ગણાતા જી-૨૩ નેતાઓ સાથે સંપર્ક કરવા લાગ્યા છે. ગુજરાતના નવા અધ્યક્ષપદ માટે ભરતસિંહ સોલંકી, શક્તિસિંહ ગોહિલ તથા હાર્દિક પટેલના નામો છે. રાહુલ ગાંધીની પસંદ યુવા નેતા હાર્દિક પટેલ છે. વિપક્ષી નેતા તરીકે પણ યુવા નેતા જીજ્ઞેશ મેવાણીના નામની ચર્ચા છે. બન્ને મુખ્ય પદ યુવા નેતાઓના હાથમાં સરકી જવાની આશંકાથી સીનીયર નેતાઓને વાંધો છે. આ નેતાઓનું માનવું છે કે, સારા-નરસા દરેક સમયમાં વફાદારીપૂર્વક પાર્ટીમાં રહેવા છતાં મુખ્યપદ નવા આવેલા યુવાનોના હાથમાં સોંપી દેવામાં આવે તો પાર્ટીમાં રહેવાનો શું ફાયદો? આ હકીક્તના આધારે રાહુલ ગાંધીની બેઠકમાં સામેલ થયા બાદ અમુક નેતાઓએ જી-૨૩ ગ્રુપના નેતાઓનો સંપર્ક કર્યો હતો. રસપ્રદ વાત એ છે કે સીનીયર નેતાઓની સાથોસાથ હાર્દીક પટેલ જુથના આગેવાનોએ પણ જી-૨૩ નેતાઓનો સંપર્ક કર્યો હતો.

## વેસ્ટર્ન ડિસ્ર્ટબન્સ : સૌરાષ્ટ્ર - ઉત્તર ગુજરાતમાં માવઠાની આગાહી

અમદાવાદ તા. ૨૫

ગુજરાતમાં શિયાળાની ઋતુ ધીમા પગલે પગરવ માંડી રહી છે. દિવસે દિવસે ફૂલ ગુલાબી ઠંડીનો પ્રભાવ વધી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે રાજયના અમુક ભાગોમાં વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં માવઠાંની સંભાવનાઓ છે. તેની સાથે આગામી ત્રણેક દિવસમાં લઘુતમ તાપમાનમાં પણ બેથી ત્રણ ડીગ્રીનો ઘટાડો થઈ શકે છે, જેથી આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો અનુભવાશે.

વરસાદ થતાં ખેડૂતોના મોંમાં આવેલો કોળિયો ઝૂંટવાય જાય એવી સ્થિતિ સર્જાઈ છે.

ઉત્તર પાકિસ્તાન તરફના વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે હવામાન ખાતાએ આજે સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, દ્વારકા, ભાવનગર, કચ્છ તથા ઉત્તર ગુજરાતમાં અરવલ્લી સહિતના વિસ્તારોમાં હળવો વરસાદ થવાની આગાહી કરી છે.

રાજ્યના બાકીના ભાગોમાં વાતાવરણ સૂકું રહેશે. બીજી તરફ સવારે અને રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. અમદાવાદમાં લઘુતમ તાપમાન ૨૧ અને મહત્તમ તાપમાન ૩૩ ડીગ્રી રહેવાની શક્યતાઓ છે. રાજયમાં આગામી ત્રણેક દિવસમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો થશે.

ઉત્તર ભારતનાં મેદાની વિસ્તારોમાં ફૂંકાયેલા પવનોની અસર ગુજરાતમાં પણ જોવા મળી છે.

ઉત્તર ગુજરાત અને અમદાવાદ સહિત સૌરાષ્ટ્ર, કચ્છ અને સંઘ પ્રદેશ દીવ તથા દમણમાં પણ વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે.

પશ્ચિમ તથા ઉત્તર પશ્ચિમના પવનો ફૂંકાવાને લીધે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છ સહિતના વિસ્તારોમાં વાતાવરણ સૂકું જોવા મળશે અને ક્રમશઃ ઠંડીમાં વધારો થશે.

## ઉત્તરાખંડમાં ભારે વરસાદથી ત્રણ દિવસમાં ૭૨ લોકોનાં મોત

નવી દિલ્હી તા.૨૫

ઉત્તરાખંડમાં છેલ્લા ૩ દિવસમાં કુલ ૭૨ લોકોના મોત થયા છે, ઉત્તરાખંડ સરકારના રિપોર્ટમાં નુકસાનના આંકડા મુજબ હોનારત દરમ્યાન બનેલી ઘટનાઓમાં કુલ ૭૨ લોકોના મોત થયા છે. ૨૬ ઘાયલ અને ૪ ગુમ થયા છે. જયારે ૨૨૪ ઘરને નુકસાન થયું છે. હજું પણ બચાવ કાર્ય ચાલુ છે.

આ દરમ્યાન ફરી વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. સવારે તડકો જોવા મળ્યો તો સાંજે બરફ વર્ષા શરૂ થઈ છે. વરસાદને કારણે મેદાની વિસ્તારોમાં ઠંડી વધી ગઈ છે. બદરીનાથ અને કેદારનાથના પહાડો ઉપર બરફ દેખાઈ રહ્યો છે.

યમુનોત્રી ધામમાં સિઝનનો પહેલો વરસાદ થયો છે. ગંગોત્રીની ઉંચી ચોટી પણ બરફથી ઢંકાયેલી છે.

## વડાપ્રધાન મોદીએ વારાણસીથી રૂા.૨.૬૪ હજાર કરોડની હેલ્થ ઈન્ફ્રા સ્કીમ લોન્ચ કરી

નવી દિલ્હી, તા.૨૫ :

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સમગ્ર દેશમાં આરોગ્ય સંભાળ માળખાને મજબૂત કરવા માટે રૂા. ૬૪,૧૮૦ કરોડની પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના લોન્ચ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના સંસદીય મતવિસ્તાર વારાણસીથી આ પ્રોજેકટનું ઉદઘાટન કરશે. આ ઉપરાંત, તેઓ સિદ્ધાર્થ નગર ખાતે ૯ નવી મેડિકલ કોલેજોનું ઉદ્ઘાટન પણ કરશે. વારાણસીમાં વડાપ્રધાન PMASBY લોન્ચ કરી હતી. સમગ્ર દેશમાં હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રકચરને મજબૂત કરવા માટે તે ભારતની સૌથી મોટી યોજનાઓમાંની એક હશે. તે રાષ્ટ્રીય આરોગ્ય મિશન ઉપરાંત હશે' મોદીએ વારાણસી માટે, ૫,૨૦૦ કરોડથી વધુનાં વિવિધ વિકાસ પ્રોજેકટ્સનું ઉદઘાટન પણ કરશે.

## સંસદનાં આગામી શિયાળુ સત્રમાં સરકારી બેંકોનું ખાનગીકરણ અને પેન્શન ફંડ અંગેનાં ખરડા લવાશે

નવી દિલ્હી,તા. ૨૫ :

કેન્દ્ર સરકાર સંસદના આગામી શિયાળુ સત્રમાં બે મહત્વપૂર્ણ નાણા વિધેયકો લાવી શકે છે. જેમાંથી એક સરકારી બેંકોના ખાનગીકરણ અંગેનો છે. આ ખાનગીકરણથી જાહેરાત નાણામંત્રી સીતારમણે આ વર્ષના પોતાના બજેટ ભાષણમાં કરી હતી. આ ઉપરાંત સરકાર પેન્શન ફંડ નિયામક અને વિકાસ ઓથોરીટી (પીએફઆરડીએ) કાયદો, ૨૦૧૩માં સુધારા અંગેનું વિધેયક પણ આ સત્રમાં જ લાવી શકે છે. તેનો ઉદેશ પીએફઆરડીએને નેશનલ પેન્શન ટ્રસ્ટથી અલગ કરીને પેન્શન કવરેજનો દાયરો વ્યાપક કરવાનો છે.

સુત્રોએ જણાવ્યું કે સરકાર બેકીંગ રેગ્યુલેશન કાયદો ૧૯૪૯માં સુધારાનું વિધેયક આ સત્રમાં લાવી શકે છે. બેંકોના ખાનગીકરણ માટે આ ઉપરાંત બેકીંગ કંપનીઝ (એકવીઝીશન એન્ડ ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ) એકટ ૧૯૭૦ અને બેકીંગ કંપનીઝ (એકવીઝીશન એન્ડ ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ) એકટ ૧૯૮૦માં પણ સુધારાની જરૂર પડશે અને તેની સાથે સંકળાયેલા વિધેયકો પણ લાવી શકાય છે. સુત્રોએ કહ્યુ કે આ બન્ને કાયદાઓએ ભૂતકાળમાં બે તબક્કામાં બેંકોના રાષ્ટ્રીકરણનું કામ કર્યુ હતુ અને હવે બેંકોને જો ખાનગી હાથોમાં સોંપવી હોય તો આ કાયદાઓમાં સુધારો કરવો પડશે.

સંસદનું લગભગ એક મહિનો ચાલનારૂ શિયાળુ સત્ર આવતા મહિનાના અંતમાં શરૂ થઈને ડીસેમ્બરના ત્રીજા સપ્તાહ સુધી ચાલવાની આશા છે. પુરક અનુદાન માંગો અંગેનું વિધેયક પણ આ સત્રમાં જ લવાશે.

## જમ્મુ-કાશ્મીરમાં ભારે હિમવર્ષા : ઠંડી વધશે

જમ્મુ તા. ૨૫

જમ્મુ-કાશ્મીરનાં પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં ભારે વરસાદના કારણે ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હતા જ્યારે સફરજનના પાકને વ્યાપક નુકસાન થયું હતું. જમ્મુમાં પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષાની સાથે કેટલાક વિસ્તારમાં ભારે વરસાદથી ભૂસ્ખલનના કારણે શ્રીનગરને દેશ સાથે જોડતા જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે અને મુઘલ રોડ ઉપર ટ્રાફિક અટકાવાયો હતો. બીજીબાજુ હિમાચલ પ્રદેશ સરહદ નજીક વધુ બે સભ્યોના મૃતદેહ મળતાં ટ્રેકિંગ ટીમના પાંચ સભ્યોનાં મોત નીપજ્યાં છે, બે ટ્રેકર હજુ પણ લાપતા છે.


### સ્ટાફ જોઈએ છે
કોમ્પ્યુટરનાં અનુભવી અને સિંગદાણાનાં કારખાનાનાં અનુભવી સ્ટાફની જરૂર છે.
પગાર લાયકાત મુજબ આપવામાં આવશે.
:: કોન્ટેકટ ::
૯૯૦૪૭ ૬૫૭૫૭, ૯૯૭૪૬ ૫૫૭૫૭


## પેટ્રોલ - ડીઝલ - ગેસનાં વધતા ભાવોથી તમામ ચીજવસ્તુઓ મોંઘી થઈ : મધ્યમવર્ગનું બજેટ ખોરવાયું

મુંબઈ: દેશમાં પેટ્રોલ-ડિઝલના વધતા ભાવ હવે ફકત ગરીબ કે સામાન્ય વર્ગ જ નહી મધ્યમ અને ઉચ્ચતર મધ્યમ વર્ગ માટે પણ મોટી પરેશાની બની રહી છે અને હાલ બજારમાં જે જબરી ભીડ કે ખરીદી દેખાય તે ફકત તહેવારોની સીઝનની જ અને મર્યાદીત વર્ગ પુરતી જ હોવાનો ઘટસ્ફોટ થયો છે. પેટ્રોલ-ડિઝલની સતત વધતી કિંમત તથા તેના પરિણામો જે અન્ય આવશ્યક ચીજોના ભાવો વધ્યા છે તેથી મોટાભાગના મર્યાદીત આવક ધરાવતા દરેક વિશાળ વર્ગના બજેટમાં ભારે કાપ આવ્યો છે.

એક રાષ્ટ્રીય સર્વેક્ષણમાં જણાવ્યા મુજબ દેશના ટોચના ૧૦ શહેરોમાં ૬૧000 થી વધુ પરિવારોને સામેલ કરાયા અને તેમાં એ જાણવા મળ્યું કે ગ્રાહકોની ખરીદીની પેટર્નમાં મોટો બદલાવ આવ્યો છે. આ સર્વે મુજબ તહેવારોમાં હાલ ખર્ચ કરવાની યોજના બનાવી રહેલા પરિવારોના બજેટમાં હવે મર્યાદા મુકનારની સંખ્યા જે ચાર માસ અગાઉ આ પ્રકારે જ સર્વેમાં ૩૦ ટકા હતી જે હવે ૬૦ ટકા થઈ ગઈ છે. હાલ કોરોનાનો ભય ઘટયો છે. મોટાભાગના પરિવારો જે એક મર્યાદીત જેમાં વ્યાપારીઓ અને ઉચ્ચમધ્યમવર્ગના લોકો પણ સામેલ છે તેઓ ઉપર ઈંધણ વગેરેનો ખર્ચ વધ્યો છે.

પેટ્રોલ, ડીઝલ, ગેસ તથા ઘરેલું ગેસ આ બધા મોંઘા થયા છે અને તેના પરિણામે અન્ય ચીજોના ભાવ પણ વધ્યા છે તેની અસર ચોકકસ રીતે લોકોનાં બજેટ ઉપર પડી છે.

## ઈન્ટરનેટની વાસ્તવિક જીવન ઉપર ભયાનક આડ અસરો : ભાવિ પેઢીની સલામતી અંગે ચિંતા

વોશીંગ્ટન તા. ૨૫

ઈન્ટરનેટની વાસ્તવિક જીવન ઉપર થતી આડ અસરોને કારણે ભાવિ પેઢીની સલામતી અંગે નિષ્ણાતો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. ખાસ કરીને ફેસબુક, યુટ્યુબ, સહિતના માધ્યમો દ્વારા જોવા મળતા ભયાનક અને હિંસક દ્રશ્યો કુમળી વયનાં બાળકોમાં ડરનો ફોબિયા વિકસાવી રહ્યા છે. સગીર બાળકો અને સ્લેન્ડરમેનને વર્ચ્યુઅલ રિયાલીટીમાં જોયા પછી તેનામાં ડરનો ફોબિયા વિકસી રહ્યો હોવાનો અનુભવ કર્યો હતો. આપણે કહેવાતા આ "મેટાવર્સ"માંથી બહાર નીકળવા માંગીએ છીએ તે અંગે વિચારવાનો સમય પાકી ગયો છે જેમ કે Facebook અને અન્ય કંપનીઓ "મેટાવર્સ" બનાવવા માટે પગલાં ભરે છે અને વર્ચ્યુઅલ અને મિશ્ર વાસ્તવિકતાના અનુભવો દર્શાવવાનો પ્રયત્ન કરે છે, જેટલો સર્વગ્રાહી ટેક આજે ઈન્ટરનેટ છે, નિષ્ણાતો સલામતી વિશે ચિંતાઓ વ્યકત કરી રહ્યાં છે, બંને પ્રકારના અનુભવો દરમ્યાન ઓફલાઈન જીવન ઉપર ઈન્ટરનેટની તિવ્ર આડ અસર જોઈ રહ્યા છે.


### એકચેન્જ સામે મહત્તમ ડિસ્કાઉન્ટ મેળવો

SEMI AUTOMATIC WASHING MACHINE
FULLY AUTOMATIC WASHING MACHINE
Whirlpool
HITACHI Inspire the Next
LG
VOLTAS
Kelvinator
SINGLE DOOR REFRIGERATOR
: ઓથો.ડીલર :
DUBLE DOOR REFRIGERATOR
મનસુખલાલ ગોકલદાસ એન્ડ સન્સ
પેરેગોન, જેનીલી શોપીંગ સેન્ટરની બાજુમાં, એમ.જી. રોડ, જૂનાગઢ. ફોન : ૨૬૫૩૭૪૨



### ખરતા વાળ ?
પીઆરપી ટ્રીટમેન્ટ ફોર હેર ગ્રોથ

પહેલા પછી
ડો. કેયુર ચોવટીયા
M.B., D.V.D. (SKIN)
CONSULTANT DERMATOLOGIST AND COSMETOLOGIST
ન્યુ લુક
સ્કીન | કોસ્મેટીક | ફિટનેસ
બીજો માળ, જે.બી. કોમ્પ્લેક્ષ,બસ સ્ટેશનની સામે શિવ-શકિત ટ્રાવેલ્સ વાળી ગલી-જુનાગઢ
6353383626



### રોનક ગીફ્ટ એન્ડ ફલાવર

અમારે ત્યાંથી ફલાવર પોટ, ફલાવર બુકે, ફલાવર ઝુમર, મુખવાસ બોકસ, ગ્રીન ફલાવર પ્લાન્ટ, ફોટોફ્રેમ પોસ્ટર, જેવી ઘરની શોભા માટે અન્ય આઈટમો હોલસેલ ભાવે મળશે

ઝુમર ફલાવરનાં સ્પેશ્યાલીસ્ટ તેમજ સાંજીમાં આપવા માટે બધી વસ્તુ હોલસેલ ભાવે મળશે
હવેલી ગલી, રઘુનાથ ચેમ્બર, વિનોદ બેંગલ્સ સામેની ગલીમાં, જૂનાગઢ.
અથવા સાધના સાડી સામે, માંગનાથ રોડ, રઘુનાથ ચેમ્બર, જૂનાગઢ. મો. ૯૭૨૩૮ ૯૮૪૮૫



### ૐ ઉપચાર કેન્દ્ર
ડૉ. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
● નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



### ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 3500* થી શરૂ

MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
SAMSUNG
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.બી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.



ભાવસારનો આયુર્વેદિક બજરંગલેપ
મુઢમાર, સોજો, મચકોડ, લોહી જામી જવું તથા અન્ય દુઃખાવા માટે અકસીર.

ભાવસારનું આયુર્વેદિક જય બજરંગ માલિશ તેલ

વા-વાયુથી થતા સાંધાના દુખાવા, સોજા, ગરદન તેમજ કમરના દુખાવા માટે રામબાણ ઈલાજ.
Custome Care: 02626 223705
email: bhawsarpharma@gmail.com
ભાવસાર ફાર્માસ્યુટીકલ વર્કસ - વ્યારા, ગુજરાત
સંપર્ક: (૦૭૯) ૨૨૧૪૬૪૪૦, ૨૨૧૧૪૫૦૩


C M Y K